# નાણાકીય પત્રકો – વિશ્લેષણ અને અર્થઘટન
## [Analysis of Financial Statement]

**[1] નાણાકીય પત્રકોનો અર્થ-** કંપનીમાં હિત ધરાવનાર પક્ષકારોને કંપનીની સાચી આર્થિક સ્થિતિની માહિતી મળે તે હેતુથી હિસાબી વર્ષને અંતે વાર્ષિક હિસાબોની સાથે તૈયાર કરવામાં આવતા પત્રકો જેવા કે નફા-નુકસાન ખાતું, પાકુ સરવૈયુ, રોકડ પ્રવાહ પત્રક, ભંડોળ પ્રવાહ પત્રક, મૂલ્ય વૃધ્ધિ પત્રક, વલણ દર્શાવતી ટકાવારી, સમાન માપના પત્રકો, તુલનાત્મક પત્રકો, વગેરેને નાણાકીય પત્રકો કહે છે.

**[2] નાણાકીય પત્રકોના લક્ષણો-**

1) બે પત્રકો
2) હિસાબી સિધ્ધાંતો અને પ્રણાલિકાઓ
3) નોંધાયેલી હકીકતો પર આધારિત
4) વ્યક્તિગત અભિપ્રાય
5) કાયદા મુજબ
6) વાજબી ચોક્કસાઇ
7) જુદા જુદા હેતુઓ માટે
8) સ્પષ્ટ રજૂઆત
9) ચાલુ વર્ષ અને પાછલા વર્ષના આંકડાઓની સરખામણી
10) સાચો અને વાજબી નફો અને આર્થિક પરિસ્થિતિની રજૂઆત

1) **બે પત્રકો:** નાણાકીય પત્રકોમાં મુખ્યત્વે બે પત્રકો એટલે કે નફા-નુકસાન ખાતું અને પાકુ સરવૈયાનો જ સમાવેશ થાય છે.જોકે હવેથી રોકડ પ્રવાહ પત્રક પણ દરેક કંપનીએ વાર્ષિક હિસાબો સાથે આપવું ફરજીયાત હોવાથી તેનો સમાવેશ પણ નાણાંકીય પત્રકોમાં થાય છે.

PROF.DHARMENDRA A PATEL: N P PATEL COMMEREC COLLEGE, NARODA

2) **હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ:** નાણાકીય પત્રકો હિસાબી સિદ્ધાંતો અને પ્રણાલીકાઓનોને આધારે તૈયાર કરવામાં આવે છે.દા.ત, સ્ટોકનું મૂલ્યાંકન પડતર કિંમત કે બજાર કિંમત બે પૈકી જે ઓછી હોય તે કિંમતે થાય છે.તેમાં રૂઢિચુસ્તપણાના સિદ્ધાંતનો ઉપયોગ થાય છે.તેવીજ રીતે હિસાબો દરવર્ષે તૈયાર કરવામાં આવે છે.તેમાં હિસાબી મુદતના સિદ્ધાંતનો ઉપયોગ થાય છે.

3) **નોંધાયેલી હકીકતો પર આધારિત:** ધંધાના રોજ બરોજના ખરેખર થયેલા જે આર્થિક વ્યવહારો હિસાબી ચોપડે નોંધાય છે તેના આધારે જ વર્ષને અંતે નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવે છે.આમ નાણાકીય પત્રકો નોંધાયેલી હકીકતો પર આધારિત હોય છે.દા.ત, કાયમી મિલકતો તેની પડતર કિંમતે નાણાકીય પત્રકોમાં દર્શાવાય છે નહિ કે બજાર કિંમતે કે ઉપજ કિમંતે.તેવી જ રીત નાણામાં રજૂ થઇ શકે તેવા વ્યવહારોનો જ નાણાકીય પત્રકોમાં સમાવેશ થાય છે.

4) **વ્યક્તિગત અભિપ્રાય:** નાણાકીય પત્રકો તૈયાર કરવામાં હિસાબી પ્રણાલિકાઓ ઉપરાંત વ્યક્તિગત અભિપ્રાય મહત્વનો ભાગ ભજવે છે.જેમકે ઘસારાની કઇ પદ્ધતિ અપનાવવી, કયા દરે ઘસારો ગણવો, અવાસ્તવિક મિલકતો કેટલા વર્ષોમાં માંડી વાળવી વગેરે એકાઉન્ટન્ટના અભિપ્રાય મુજબ નક્કી થાય છે.જોકે કંપની સ્વરૂપમાં આ બધા માટે હવે હિસાબી ધોરણોનું પાલન ફરજીયાત બન્યું છે.

5) **કાયદા મુજબ:** જે ધંધાકીય સ્વરૂપો માટે તેના કાયદામાં જ નાણાંકીય પત્રકો તૈયાર કરવાની જોગવાઇઓ કરવામાં આવી હોય તેમનાં નાણાકીય પત્રકો તે કાયદાની જોગવાઇઓ અને સૂચિત ફોર્મ અનુસાર તૈયાર કરવામાં આવે છે.દા.ત, કંપની સ્વરૂપનો ધંધો હોય તો 2013ના કંપનીધારા અનુસાર નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવે છે. બેંકિંગ સ્વરૂપનો ધંધો હોય તો બેંકિંગ એક્ટ મુજબ નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવે છે.

6) **વાજબી ચોક્કસાઇ:** નાણાકીય પત્રકો તૈયાર કરવામાં વાજબી ચોક્કસાઇ રાખવામાં આવે છે. પરંતુ પૂર્ણ કે ખૂબજ ચોક્કસાઇ ઘણી વખત શક્ય બનતી નથી.દા.ત, ઘાલખાધ અનામતની જોગવાઇ વાજબી અંદાજોને આધારે કરવામાં આવે છે, તેવી જ રીતે કંપનીધારામાં આપવામાં આપેલી છૂટ મુજબ નાણાકીય પત્રકોમાં આંકડા લગભગ લાખ રૂપિયામાં અને અપૂર્ણાંક જતા કરીને દર્શાવી શકાય છે.

PROF.DHARMENDRA A PATEL N PATEL COMMERCE COLLEGE, NARODA

7) **જુદા જુદા હેતુઓ માટે:** નાણાકીય પત્રકો ઘણી વખત જુદા જુદા હેતુ માટે બનાવેલા હોય તો દરેકના નફાની રકમો અલગ અલગ હોય છે.દાત, કંપનીધારાની જોગવાઇ મુજબનું નફા-નુકસાન ખાતું, આવક વેરો ગણવાના હેતુ માટે આવકવેરા કાયદા મૂજબનું નફાનું પત્રક, સંચાલકીય મહેનતાણાની ગણત્રીના હેતુ માટેનું નફાનું પત્રક આ દરેકમાં નફો અલગ અલગ આવે છે. આમ જુદા જુદા હેતુ માટે નાણાકીય પત્રકો અલગ અલગ બનાવવા પડે છે.

8) **સ્પષ્ટ રજૂઆત:** નાણાકીય પત્રકો સ્પષ્ટ રીતે રજૂ થવા જોઇએ. અને જે હિતધારકો માટે તે રજૂ કરવામાં આવ્યાં હોય તે સમજી શકે તેવા હોવા જોઇએ.કાયદાની મર્યાદામાં રહીને શક્ય હોય ત્યાં સુધી તેમાં બિનજરૂરી વિગતો કે વર્ણન હોવું ના જોઇએ.વિગત કે વર્ણન નાણાકીય પત્રકમાં કરવાને બદલે તેના માટે અલગથી નોંધ કે પરિશિષ્ટ જોડી શકાય.

9) **ચાલુ વર્ષ અને પાછલા વર્ષના આંકડાઓની સરખામણી:** નાણાકીય પત્રકોમાં દરેક વિગતોના ચાલુ વર્ષના આંકડા અને પાછલા વર્ષના આંકડાના કોલમો એક સાથે આપવા જોઇએ.જેથી બંન્ને વર્ષના આંકડાની સરખામણી સરળતાથી  કરી શકાય અને પાછલા વર્ષની તુલનાએ ચાલુ વર્ષની વર્ષની સ્થિતિ જાણી શકાય.

10) **સાચો અને વાજબી નફો અને આર્થિક પરિસ્થિતિની રજૂઆત:** નફા નુકસાન ખાતુ એ રીતે રજૂ થવું જોઇએ કે સાચો અને વાજબી નફો દર્શાવતું હોય તેમજ પાકુ સરવૈયું એ રીતે રજૂ થવું જોઇએ કે તે ધંધાની સાચી અને વાજબી આર્થિક પરિસ્થિતિ દર્શાવતું હોય.

## [3] નાણાકીય પત્રકોની મર્યાદાઓ-

1) ઓછી ચોક્કસાઇ
2) કેટલી અગત્યની બાબતોની અવગણના
3) મિલકતો સાચી કિંમતે દર્શાવાતી નથી
4) નફાનાં આંકડા સાપેક્ષ હોય છે.
5) વ્યક્તિગત અભિપ્રાયની અસર
6) બધા જ પક્ષકારોની જરૂરીયાત સંતોષાતી નથી
7) બધિ જ જવાબદારી દર્શાવવામાં નિષ્ફળતા  8) પાકા સરવૈયાની ચોક્કસ તારીખ

PROF. DHARMENDRA A PATEL: N T PATEL COMMERCE COLLEGE, NARODA

1) **ઓછી ચોક્કસાઇ:** નાણાકીય પત્રકો મોટે ભાગે વર્ષોના હિસાબી અનુભવો ઉપરથી નક્કી કરવામાં આવેલી રૂઢિ પ્રમાણે તૈયાર કરવામાં આવે છે.તેથી તેમાં અતિશય ઝીણવટભરી ચોક્કસાઇ શક્ય બનતી નથી.દા.ત, સ્ટોકના મુલ્યાંકન માટે ખરેખર સ્ટોકની સ્થળ પર જઇને ગણત્રી કે મુલ્યાંકન કરવાને બદલે માટેભાગે હિસાબી રેકોર્ડ પરથી ઉપલબ્ધ આંકડાઓને આધારે નાણાંકીય પત્રકોમાં દર્શાવય છે. આમ ઓછી ચોક્કાસાઇ જોવા મળે છે.

2) **કેટલી અગત્યની બાબતોની અવગણના:** નાણાકીય પત્રકોમાં માત્ર નાણામાં માપી શકાય તેવા આર્થિક વ્યવહારોનું જ ચિત્ર દર્શાવાય છે. પરંતુ ધંધાને અસર કરતાં ગુણાત્મક કે બિન આર્થિક પરિબળો દર્શાવવા શક્ય ન હોવાથી તેની અવગણના થાય છે.દા.ત, સંચાલકોની કે કર્મચારીઓની કાર્યક્ષમતા કે પ્રમાણિકતા ધંધાના વિકાસમાં ખૂબજ અગત્યની બાબતો હોવાં છતાં નાણાકીય પત્રકોમાં આ બાબતો જોવા મળતી નથી.

3) **મિલકતો સાચી કિંમતે દર્શાવાતી નથી:** સામાન્યરીતે પાકા સરવૈયામાં મિલકતો તેની હિસાબી રૂઢી મુજબનો ઘસારો કે અન્ય જરૂરી હવાલા બાદ કરીને દર્શાવાય છે.પરંતુ ફુગાવાના પરિબળને લીધે વાસ્તવમાં આવી મિલકતોની બજાર કિમંત કે ઉપજ કિંમત ખૂબજ વધારે હોય છે.તેથી પાકાં સરવૈયામાં મિલકતો સાચી કિંમતે કે ઉપજી શકે તેવી કિમંતે દર્શાવાતી નથી. વળી ઐતિહાસિક કિંમત કે પડતર કિંમતને આધારે ગણેલ ઘસારો બજાર કિંમત કરતાં ઘણો ઓછો આવતો હોવાથી નફો પણ સાચો જોવા મળતો નથી.

4) **નફાનાં આંકડા સંબંધિત કે સાપેક્ષ:** દરેક ધંધાકીય એકમો પોતાની રૂઢિ મુજબ અમુક વિગતોની જોગવાઇ કરે છે.પરિણામે સમાન પ્રકારનો ધંધો કરતી અને લગભગ સમાન આર્થિક વ્યવહોરો ધરાવતી પેઢીઓના નફામાં પણ મોટો તફાવત જોવા મળે છે.આમ નફા નુકસાન ખાતામાં જે નફો કે નુકસાન દર્શાવવામાં આવે છે તે સાપેક્ષ જોવા મળે છે.

PROF.DHARMENDRA A. PATEL, NAVPATH COMMERCE COLLEGE, NARODA

5) **વ્યક્તિગત અભિપ્રાયની અસર:** નાણાકીય પત્રકો તૈયાર કરવામાં હિસાબી પ્રણાલિકાઓ મુજબ તૈયાર થતા હોવા છતાં વ્યક્તિગત અભિપ્રાય મહત્વનો ભાગ ભજવે છે.જેમકે ઘસારાની કઇ પદ્ધતિ અપનાવવી, કયા દરે ઘસારો ગણવો, અવાસ્તવિક મિલકતો કેટલા વર્ષોમાં માંડી વાળવી વગેરે એકાઉન્ટન્ટના અભિપ્રાય મુજબ નક્કી થાય છે.જુદી જુદી પેઢીમાં એક જ બાબતને લગતા વ્યક્તિગત અભિપ્રાય જુદા જુદા હોય ત્યારે આ તેની મર્યાદા સમાન ગણાય છે.કારણ કે તેને લીધે નાણકીય પત્રકો સરખામણીને પાત્ર રહેતા નથી.

6) **બધા જ પક્ષકારોની જરૂરીયાત સંતોષાતી નથી:** નાણકીય પત્રકો કંપનીધારાની જોગવાઇઓ મુજબ તૈયાર થાય છે, જેમાં હિસાબો મોટેભાગે શેરહોલ્ડરો કે સંચાલકોના દ્રષ્ટિ બિંદુથી રજૂ થતાં જોવા મળે છે.જોકે કંપનીના અન્ય સ્ટેઇક હોલ્ડરો જેવા કે ગ્રાહકો, લેણદારો, કામદારો વગેરેને અપેક્ષિત જરૂરી માહિતી આ પત્રકો પરથી મળી શકતી નથી.તેથી નાણાકીય પત્રકો બધા જ પક્ષકારોની જરૂરીયાત સંતોષાતી નથી.

7) **બધી જ જવાબદારી દર્શાવવામાં નિષ્ફળતા:** હિસાબી પ્રણાલીકાઓમાં રહેલી કેટલીક છુટછાટોને કારણે ઘણી વખત બધી જ જવાબદારીઓ પાકા સરવૈયામાં દર્શાવવામાં આવતી નથી.દા.ત, આવનારા વર્ષમાં નિવૃત્ત થનારા કર્મચારીઓને ચુકવવાની ગ્રેચ્યુઇટીની રકમ જે ઘણી વખત લાખોમાં હોઇ શકે તેમ છતાં પાકા સરવૈયામાં જવાબદારી તરીકે જોવા મળતી નથી.આમ નાણાકીય પત્રકો બધી જ જવાબદારી દર્શાવવામાં નિષ્ફળ સાબિત થાય છે.

8) **પાકા સરવૈયાની ચોક્કસ તારીખ:** ધંધાનું પાકું સરવૈયું ચોક્કસ તારીખની આર્થિક સ્થિતિ રજૂ કરે છે.જે ભવિષ્યમાં જળવાઇ રહેશે તે નક્કી કરી શકાતું નથી.દા.ત, 31મી માર્ચે કંપનીના લાંબાગાળના દેવા આદર્શ સ્થિતિએ હોય પરંતુ તેના બીજા જ દિવસે કંપની કરોડો રૂપિયાનું દેવું ઉભું કરે તો તેની જાણ બીજા વર્ષની ચોક્કસ તારીખ સુધી થતી નથી.આમ આ એક મર્યાદા સમાન છે.

PROF.DHARMENDRA A. PATEL N.R.PATEL COMMERCE COLLEGE NARODA

## [4] નાણાકીય પત્રકોના હેતુઓઃ

1) કંપની ધારાની જોગવાઇનું પાલન કરવા
2) આવકવેરાના હેતુ માટે જરૂરી
3) શેર હોલ્ડરો કે જેઓ કંપનીમાં પોતાની બચતોનું રોકાણ કરે છે,તેમને જરૂરી માહિતી પુરી પાડવા
4) નાણાંનું ધિરાણ કરનાર અને વેપારી લેણદારોને જરૂરી માહિતી પુરી પાડવા
5) બેંક લોન મેળવવા માટે કંપનીની નાણાંકીય સ્થિતિ અને કામગીરીના સાચા ચિત્રની માહિતી આપવા
6) સ્ટોક એક્સચેંજ અને મૂડી નિયામકોની જરૂરીયાત પુરી કરવા
7) એક બાજુ કામદારો અને અન્ય પક્ષકારો, બીજી બાજુ સંચાલકો અને અન્ય પક્ષકારો વચ્ચેના વ્યકિતિગત સંપર્કના અભાવને કેટલેક અંશે દુર કરવા
8) સંચાલકોને મહત્વના નિતી વિષયક નિર્ણયો લોવા માટે મદદરૂપ થવા દા.ત, કિમત અંગેનો નિર્ણય

## [5] તુલનાત્મક નાંણાકીય પત્રકો (Comparative Financial Statements)-

**(A) તુલનાત્મક નફા-નુકસાન ખાતાં-** જેમાં એક સાથે બે કે વધુ વર્ષના નફા-નુકસાનનાં આંકડા સરખામણી કરી શકાય તે રીતે એક જ પત્રકમાં સાથે દર્શાવાય છે.જેથી રકમના તફાવતો, ટકાવારી પ્રમાણના તફાવતો વગેરેની તુલના થઇ શકે.

**(B) તુલનાત્મક પાકાં સરવૈયા-** જેમાં એક સાથે બે કે વધુ વર્ષના પાકાં સરવૈયાનાં આંકડા સરખામણી કરી શકાય તે રીતે એક જ પત્રકમાં સાથે દર્શાવાય છે. જેથી રકમના તફાવતો, ટકાવારી પ્રમાણના તફાવતો વગેરેની તુલના થઇ શકે.

PROF. DHARMENDRA A PATEL N PATEL COMMEREC COLLEGE NARODA

➢ તુલનાત્મક નફા નુકસાન ખાતાનું ઉદાહરણ:

| વિગત | 2020-21 ₹ | 2021-22 ₹ | તુલનાત્મક તફાવત | |
|---|---|---|---|---|
| | | | વધારો કે ઘટાડો ₹ | વધારો કે ઘટાડો % |
| વેચાણ | 195000 | 210000 | 15000 | 7.69% |
| શરૂનો સ્ટોક | 19000 | 21000 | 2000 | 10.53% |
| કાચોમાલ | 65000 | 75000 | 10000 | 15.38% |
| પ્રત્યક્ષ મજૂરી | 60000 | 72500 | 12500 | 20.83% |
| કારખાના ખર્ચા | 48000 | 51000 | 3000 | 6.25% |
| વેચાણ વહીવટી | 21000 | 24000 | 3000 | 14.29% |
| . | 213000 | 243500 | 30500 | 14.32% |
| બાદ- આ.સ્ટોક | 21000 | 35000 | 14000 | 66.67% |
| વેચાણ પડતર | 192000 | 208500 | 16500 | 8.59% |
| ચોખ્ખો નફો | 3000 | 1500 | (1500) | (50%) |
| તૈયાર એકમો | 3300 | 3250 | (50) | (1.52%) |
| વેચેલા એકમો | 3250 | 3000 | (250) | (7.69%) |

PROF.DHARMENDRA A PATEL: N R PATEL COMMERCE COLLEGE NARODA

➢ વધારો કે ઘટાડો % = તફાવતની રકમ×100÷ પ્રથમવર્ષની રકમ (2013-14ની)

➢ ( )માં દર્શાવેલ રકમો ઘટાડો સૂચવે છે.

## ➤ તુલનાત્મક પાકા સરવૈયાનું ઉદાહરણ

| વિગત | 2020-21 | 2021-22 | તુલનાત્મક તફાવત | |
|---|---|---|---|---|
| | | | વધારો કે ઘટાડો ₹ | વધારો કે ઘટાડો % |
| **કાયમી મિલકતો** | . | . | . | . |
| જમીન મકાન | 480000 | 588000 | 108000 | 22.50% |
| ફર્નિચર | 180000 | 182000 | 2000 | 1.11% |
| પ્લાન્ટ યંત્રો | 240000 | 252000 | 12000 | 5% |
| **કુલ કાયમી મિલકતો** | 900000 | 1022000 | 122000 | 13.56% |
| **ચાલુમિલકતો-** | . | . | . | . |
| રોકડ-બેંક | 84000 | 60000 | (24000) | (28.57)% |
| દેવાદારો | 126000 | 120000 | (6000) | (4.76)% |
| લેણી હૂંડી | 66000 | 104000 | 38000 | 57.58% |
| સ્ટોક | 24000 | 94000 | 70000 | 291.66% |
| **કુલ ચાલુ મિલકતો** | 300000 | 378000 | 78000 | 26% |
| **કુલ મિલકતો** | 1200000 | 1400000 | 200000 | 16.67% |
| **માલિકીના ભંડોળ** | | | . | . |
| ઇક્વિટી શેરમૂડી | 600000 | 700000 | 100000 | 16.67% |
| પ્રેફરન્સ શેરમૂડી | 60000 | 112000 | 52000 | 86.67% |
| અનામત વધારો | 180000 | 182000 | 2000 | 1.11% |
| **કુલ માલિકીના ભંડાળ** | 840000 | 994000 | 154000 | 18.33% |
| **લોન ભંડોળ-** | | | . | . |
| ડિબેંચર | 240000 | 266000 | 26000 | 10.83% |
| **ચાલુ દેવાં અને જોગવાઇ** | | | . | . |
| દેવી હૂંડી | 24000 | 42000 | 18000 | 75.00% |
| લેણદારો | 80000 | 50000 | (30000) | (37.5)% |
| કરવેરાની જોગવાઇ | 16000 | 48000 | 32000 | 200% |
| **કુલ દેવાં** | 360000 | 406000 | 46000 | 12.78% |
| **કુલ જવાબદારીઓ** | 1200000 | 1400000 | 200000 | 16.67% |

PROF.DHARMENDRA A PATEL : N P PATEL COMMEREC COLLEGE, NARODA

- ➤વધારો કે ઘટાડો % = તફાવતની રકમ×100÷ પ્રથમવર્ષની રકમ (2017-18ની)
- ➤( )માં દર્શાવેલ રકમો ઘટાડો સૂચવે છે.

**[6] વલણની ટકાવારી દર્શાવતાં નાંણાકીય પત્રકો- [Trend Percentage]:** વલણ વિશ્લેષણમાં ચોક્કસ સમયગાળા દરમિયાન કંપનીની આર્થિક માહિતીનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જેને Horizontal કે આડુ મુલ્યાકંન પણ કહે છે. જેમાં માસિક, ત્રીમાસિક, અર્ધવાર્ષિક, કે વાર્ષિક માહિતીની કોઇ એક પાયાના વર્ષને આધારે સરખામણી કરવામાં આવે છે જેથી એક સમયગાળાથી બીજા સમયગાળામાં થયેલ રકમમાં કે ટકાવારીમાં થયેલ બદલાવ જાણીને વિશ્લેષણ કરીશકાય

વલણ દર્શાવતી ટકાવારી શોધવા માટે એક કરતાં વધારે વર્ષની નફા-નુકસાન કે પાકા સરવૈયાની વિગતો પરથી દરેક વિગતના સૌથી અગાઉના (ભૂતકાળના) વર્ષના આંકડોને આધાર તરીકે (100%) ગણીને આપેલા બાકીના બધા વર્ષોની દરેક વિગતોનનું ટકાવારી પ્રમાણ શોધવામાં આવે છે.જેને વલણ દર્શાવતી ટકાવારી કહે છે.આ ટકાવારી પરથી અગાઉના (ભૂતકાળના) વર્ષના આંકડાને આધાર તરીકે (100%) ગણતા તે પછીના વર્ષોમાં તે દરેક વિગતનું ટકાવારી પ્રમાણ કેવું રહ્યું છે , (વધ્યું, ઘટ્યું, સ્થિર કે અનિયમિતરહ્યું વગેરે) તે જાણી શકાય છે.જેને વલણ કહે છે.

PROF.DHARMENDRA A PATEL: N P PATEL COMMERCE COLLEGE, NARODA

**વલણ દર્શાવતી ટકાવારીનું સૂત્ર =**
$$\frac{\text{જે વર્ષની ગણતરી કરવાની છે તે વિગત ની રકમ}}{\text{જે વર્ષ આધાર તરીકે લીધું છે તે વિગત ની રકમ}} * 100$$

દા.ત, વર્ષ 2018, 2019, 2020નાં પાકા સરવૈયાની બિન ચાલું મિલકતો અનુક્રમે ₹.100000, 120000,અને 150000 હોય તો વલણની ટકાવારી નીચે મુજબ ગણાય:

2018 આધાર તરીકે પાયાનું વર્ષ ગણાય તેથી તે રકમ ₹.100000 ને 100% ગણીએ

2019 = 120000/100000×100= 120%

2020 = 150000/100000×100= 150%

આમ છેલ્લા ત્રણ વર્ષોનું બિન ચાલુ મિલકતોની રકમનું વલણ 100%, 120%, 150%નું એટલે કે સતત વધારાનું રહ્યું છે.

ઉપર મુજબ આપેલા પાકા સરવૈયાં કે નફા-નુકસાન ખાતાની દરેક વિગતું ટકાવારી પ્રમાણ શોધવામાં આવે છે જેને વલણ દર્શાવતી ટકાવારી કહે છે.

➢ **ખાસ યાદ રાખો** કે પાકા સરવૈયા પરથી કે નફા-નુકસાન ખાતા પરથી વલણ દર્શાવતી ટકાવારી શોધવાની હોય ત્યારે જે તે વર્ષની દરેક વિગતને આપેલા વર્ષો પૈકી સૌથી પ્રથમ (ભૂતકાળના) ના **વર્ષની તે જ વિગતની રકમથી** ભાગવામાં આવે છે.

➢ પાકા સરવૈયા પરથી વલણ દર્શાવતી ટકાવારીનું ઉદાહરણ (ગુજ.યુનિ.2015નો દાખલો)

| વિગત | 2019-20 | 2020-21 | 2021-22 | 2020-21 % | 2021-22 % |
|---|---|---|---|---|---|
| **કાયમીમિલકતો:** | ₹ | ₹ | ₹ | . | . |
| જમીન મકાન | 500000 | 600000 | 650000 | 120% | 130% |
| પ્લાન્ટ યંત્રો | 300000 | 330000 | 360000 | 110% | 120% |
| ફર્નિચર | 200000 | 200000 | 260000 | 100% | 130% |
| **ચાલુ મિલકતો:** | | | | . | . |
| રોકડ બેંક | 80000 | 48000 | 112000 | 60% | 140% |
| સ્ટોક | 64000 | 51200 | 76800 | 80% | 120% |
| લેણી હૂંડી | 100000 | 100000 | 100000 | 100% | 100% |
| દેવાદારો | 180000 | 216000 | 144000 | 120% | 80% |
| રોકાણો | 210000 | 294000 | 126000 | 140% | 60% |
| અગાઉથી ચૂકવેલ ખર્ચા | 10000 | 16000 | 8000 | 160% | 80% |
| કુલ મિલકતો | 1644000 | 1855200 | 1836800 | 112.85 % | 111.72 % |

PROF.DHARMENDRA A PATEL : N P PATEL COMMERCE COLLEGE, NARODA

| | | | | | |
|---|---|---|---|---|---|
| **માલિકીના ભંડોળ:** | | | | . | . |
| ઇક્વિટી શેરમૂડી | 600000 | 800000 | 800000 | 133.33 % | 133.33 % |
| પ્રેફરન્સ શેરમૂડી | 300000 | 300000 | 360000 | 100 % | 120 % |
| નફા-નુકસાન ખાતું | 100000 | 90000 | 80000 | 90 % | 80 % |
| **લોન ભંડોળ:** ડિબેંચર | 150000 | 150000 | 225000 | 100 % | 150 % |
| **ચાલુ દેવા અનેજોગવાઇઓ:** | | | | . | . |
| લેણદારો | 210000 | 252000 | 168000 | 120 % | 80 % |
| દેવી હૂંડી | 50000 | 75000 | 50000 | 150 % | 100 % |
| કરવેરાની જોગવાઇ | 150000 | 79000 | 61400 | 52.67 % | 40.93 % |
| અન્ય ચાલુ દેવાં | 84000 | 109200 | 92400 | 130 % | 110 % |
| કુલ | 1644000 | 1855200 | 1836800 | 112.85 % | 111.72 % |

## [7] સામાન્ય માપની ટકાવારી દર્શાવતાં નાંણાકીય પત્રકો- [Common size Percentage]:

સામાન્ય માપની ટકાવારી શોધવા માટે એક કરતાં વધારે વર્ષના પાકા સરવૈયાની વિગતો પરથી દરેક વર્ષની વિગતની ટકાવારી શોધવા માટે દરેક વર્ષના પાકા સરવૈયાના કુલ સરવાળાના આંકડાને **(મિલકતો અથવા જવાબદારીના - બન્ને સરખા જ હોય)** આધાર તરીકે (100%) ગણીને તે વર્ષની આપેલ દરેક વિગતોનનું ટકાવારી પ્રમાણ શોધવામાં આવે છે. જેને સામાન્ય માપની ટકાવારી કહે છે.

આ રીતે આપેલા દરેક વર્ષના પાકા-સરવૈયાના સરવાળાના આંકડાને આધાર તરીકે (100%) ગણીને તે વર્ષની તે દરેક વિગતની રકમનું ટકાવારી પ્રમાણ શોધવામાં આવે છે.જેને Vertical કે ઉભું મુલ્યાંકન પણ કહે છે.

PROF.DHARMENDRA A PATEL - N P PATEL COMMERCE COLLEGE, BARODA

આ ગણતરીની મુખ્ય લાક્ષણિકતા એ છે કે આધાર તરીકે જેતે વર્ષના પાકા સરવૈયાના સરવાળાને લેવાનો હોવાથી તે વર્ષની દરેક વિગતની ટકાવારી શોધતા આધારની આ રકમ સરખી જ રહે છે.

તેવીજ રીતે જો નફા-નુકસાન ખાતા પરથી સામાન્ય માપની ટકાવારી શોધવાની હોય ત્યારે દરેક વર્ષના વેચાણના આંકડાને આધાર તરીકે (100%) ગણી ને તે વર્ષના નફા-નુકશાન ખાતાની કરેક વિગતની રકમનું ટકાવારી પ્રમાણ શોધવામાં આવે છે.

- પાકા સરવૈયા પરથી સામાન્ય માપની ટકાવારીનું સૂત્ર

$$= \frac{\text{જે વર્ષની ગણતરી કરવાની છે તે વિગત ની કરમ}}{\text{તે વર્ષ ના પાકા સરવૈયાના સરવાળાની રકમ}} * 100$$

- નફા-નુકસાન ખાતા પરથી સામાન્ય માપની ટકાવારીનું સૂત્ર

$$= \frac{\text{જે વર્ષની ગણતરી કરવાની છે તે વિગત ની રકમ}}{\text{તે વર્ષ ના વેચાણની રકમ}} * 100$$

PROF.DHARMENDRA PATEL: N P PATEL COMMEREC COLLEGE, NARODA

(1) દા.ત, વર્ષ 2020નાં પાકા સરવૈયાનો સરવાળો ₹.150000 છે.જે પૈકી બિન ચાલું મિલકતો, ₹.75000, ચાલુ મિલકતો ₹.45000 અને અન્ય મિલકતો ₹.30000 હોય તો દરેક વિગતની સામાન્ય માપની ટકાવારી નીચે મુજબ ગણાય:

2020નો પાકા સરવૈયાનો સરવાળો આધાર તરીકેગણાય તેથી તે રકમ ₹.150000 ને 100% ગણીએ

બિન ચાલું મિલકતો ની ટકાવારી = 75000/150000×100= 50%

ચાલું મિલકતો ની ટકાવારી = 45000/150000×100= 30%

અન્ય મિલકતો મિલકતો ની ટકાવારી = 30000/150000×100= 20%

આમ 2020ના પાકા સરવૈયાનો સરવાળો આધાર તરીકે લીધો હોવાથી ત્રણેય વિગતની ટકાવારીનો સરવાળો પણ 100% થઇ જવો જોઇએ

(2) દા.ત, વર્ષ 2020નાં વેચાણની રકમ ₹.150000 છે.જે પૈકી વેચેલ માલની પડતર ₹.90000, વહીવટી પરોક્ષ ખર્ચા ₹.30000 અને નાણાંકીય ખર્ચા ₹. 22500, અને ચોખ્ખો નફો ₹.7500 હોય તો દરેક વિગતની સામાન્ય માપની ટકાવારી નીચે મુજબ ગણાય:

2020ના વેચાણનો સરવાળો આધાર તરીકેગણાય તેથી તે રકમ ₹.150000 ને 100% ગણીએ

વેચેલ માલની પડતરની ટકાવારી = 90000/150000×100= 60%

વહીવટી પરોક્ષ ખર્ચાની ટકાવારી = 30000/150000×100= 20%

નાણાંકીય ખર્ચા ની ટકાવારી = 22500/150000×100= 15%

ચોખ્ખો નફાની ટકાવારી = 7500/150000×100 = 5%

આમ 2020ના વેચાણને આધાર તરીકે લીધો હોવાથી ચારેય વિગતની ટકાવારીનો સરવાળો પણ 100% થઇ જવો જોઇએ

ઉપર મુજબ આપેલા પાકા સરવૈયાં કે નફા-નુકસાન ખાતાની દરેક વિગતું ટકાવારી પ્રમાણ શોધવામાં આવે છે જેને તુલનાત્મક કે સામાન્ય માપની ટકાવારી કહે છે.

- ખાસ યાદ રાખો કે પાકા સરવૈયા પરથી સામાન્ય માપની ટકાવારી શોધવાની હોય ત્યારે જે તે વર્ષની દરેક વિગતને તે વર્ષના **પાકા સરવૈયાના સરવાળાથી** ભાગવામાં આવે છે. અને જો નફા-નુકસાન ખાતા પરથી સામાન્ય માપની ટકાવારી શોધવાની હોય ત્યારે જે તે વર્ષની દરેક વિગતને તે વર્ષના **વેચાણની રકમથી** ભાગવામાં આવે છે.

PROF DHARMENDRA A PATEL: K P PATEL COMMERCE COLLEGE, NARODA

➢ નફા-નુકસાનના પત્રક પરથી સામાન્ય માપની ટકાવારી શોધવાનો દાખલો

| વિગત | 2020-21 ₹ | 2021-22 ₹ | 2020-21 % | 2021-22 % |
|---|---|---|---|---|
| વેચાણ | 195000 | 210000 | 100% | 100% |
| શરૂનો સ્ટોક<br>કાચોમાલ<br>પ્રત્યક્ષ મજૂરી<br>કારખાના ખર્ચા<br>વેચાણ વહીવટી | 19000<br>65000<br>60000<br>48000<br>21000 | 21000<br>75000<br>72500<br>51000<br>24000 | 9.74%<br>33.33%<br>30.77%<br>24.62%<br>10.77% | 10.00%<br>35.71%<br>34.52%<br>24.29%<br>11.43% |
| .<br>બાદ- આ.સ્ટોક | 213000<br>21000 | 243500<br>35000 | 109.23%<br>10.77% | 115.95%<br>16.66% |
| વેચાણ પડતર | 192000 | 208500 | 98.46% | 99.29% |
| ચોખ્ખો નફો | 3000 | 1500 | 1.54 % | 0.711% |
| તૈયાર એકમો<br>વેચેલા એકમો | 3300<br>3250 | 3250<br>3000 | | |

PROF.DHARMENDRA A PATEL: N P PATEL COMMEREC COLLEGE, NARODA

## ➢ પાકા સરવૈયા પરથી સામાન્ય માપની ટકાવારી શોધવાનો દાખલો

| વિગત | 2020-21 | 2021-22 | 2020-21 % | 2021-22 % |
|---|---|---|---|---|
| **કાયમી મિલકતોઃ** | . | . | . | . |
| જમીન મકાન | 480000 | 588000 | 40 | 42 |
| ફર્નિચર | 180000 | 182000 | 15 | 13 |
| પ્લાન્ટ યંત્રો | 240000 | 252000 | 20 | 18 |
| કુલ કાયમી મિલકતો | 900000 | 1022000 | 75 | 73 |
| **ચાલુ મિલકતોઃ** | . | . | . | . |
| રોકડ-બેંક | 60000 | 84000 | 5 | 6 |
| દેવાદારો | 120000 | 126000 | 10 | 9 |
| લેણી હૂંડી | 72000 | 98000 | 6 | 7 |
| સ્ટોક | 48000 | 70000 | 4 | 5 |
| કુલ ચાલુ મિલકતો | 300000 | 378000 | 25 | 27 |
| કુલ મિલકતો | 1200000 | 1400000 | 100 | 100 |
| **માલિકીના ભંડોળઃ** | | | . | . |
| ઇક્વિ શેર મૂડી | 600000 | 700000 | 50 | 50 |
| પ્રેફ.શેર મૂડી | 60000 | 112000 | 5 | 8 |
| અનામત વધારો | 180000 | 182000 | 15 | 13 |
| કુલ માલિકીના ભંડાળ | 840000 | 994000 | 70 | 71 |

PROF.DHARMENDRA A PATEL: K P PATEL COMMEREC COLLEGE, NARODA

| | | | | |
|---|---|---|---|---|
| **લોન ભંડોળ:** | | | . | . |
| ડિબેંચર | 240000 | 266000 | 20 | 19 |
| **ચાલુ દેવાં અનેજોગવાઇ:** | | | . | . |
| દેવી હૂંડી | 24000 | 42000 | 2 | 3 |
| લેણદારો | 60000 | 70000 | 5 | 5 |
| કરવેરા. જોગ. | 36000 | 28000 | 3 | 2 |
| કુલ દેવાં | 360000 | 406000 | 30 | 29 |
| કુલ જવાબદારીઓ | 1200000 | 1400000 | 100 | 100 |

PROF.DHARMENDRA A PATEL: N P PATEL COMMERCE COLLEGE, NARODA

➢ નફા-નુકસાનના પત્રક પરથી સામાન્ય માપની ટકાવારી શોધવાનો દાખલો (સ્વાધ્યાય)

| વિગત | 2020-21 ₹ | 2021-22 ₹ | 2020-21 % | 2021-22 % |
|---|---|---|---|---|
| વેચાણ | 500000 | 300000 | 100 | 100 |
| શરૂનો સ્ટોક<br>કાચોમાલ<br>પ્રત્યક્ષ મજૂરી<br>કારખાના ખર્ચા<br>વેચાણ વહીવટી | 25000<br>200000<br>150000<br>100000<br>125000 | 30000<br>135000<br>125000<br>25000<br>15000 | 5<br>40<br>30<br>20<br>25 | 10<br>45<br>41.67<br>8.33<br>5 |
| .<br>બાદ- આ.સ્ટોક | 600000<br>150000 | 330000<br>45000 | 120<br>30 | 110<br>15 |
| વેચાણ પડતર | 450000 | 285000 | 90 | 95 |
| ચોખ્ખો નફો | 50000 | 15000 | 10 | 5 |
| તૈયાર એકમો<br>વેચેલા એકમો | 3300<br>3250 | 3250<br>3000 | | |

PROF.DHARMENDRA A PATEL: N P PATEL COMMEREC COLLEGE, NARODA